વાર્તાજગત

# લોટરી લાગી ?

રમણભાઈ પટેલ

બહાદુરભાઈ એમના ઘરના બેઠકખંડમાં એક જૂના સોફામાં બેસીને, દાઢીએ હાથ દઈને કોઈ વિચારમાં ગરકાવ થઈ ગયા હતા. તે જોઈને તેમની પત્નીએ તેમને પૂછ્યું : 'શું કંઈ લૉટરી-બૉટરી લાગી છે કે કેમ ?'

'તમને કેવી રીતે ખબર પડી કે મારી લૉટરી લાગી છે ? હકીકતે તો જે દિવસે મારાં લગ્ન તમારી સાથે થયાં હતાં, તે જ દિવસે મારી લૉટરી લાગી ગઈ હતી, એમ હું સમજું છું.' પતિ બહાદુરભાઈએ પ્રેમથી પત્ની સામે કબૂલ્યું.

'તમે ક્યારના એક કાગળની કાપલી પર કંઈક લખ લખ કરતા'તા, તે મેં બે ત્રણ વાર જોયું તું.'

'સવિ, હું તો ઝાઝું ભણ્યો જ નહોતો. આ દેશમાં ભણતર ફરજિયાત હતું, એટલે મારો બાપ રોજ મને નિશાળે મોકલતો, કેટલાક મિત્રો સાથે મને નિશાળમાંથી ગુટલી મારવાની આદત પડી ગઈ હતી. એક દિવસે મારા પિતાએ શોધી કાઢ્યું, કે હું સ્કૂલમાં નિયમિત જતો નહોતો. તે સાંજે તેમણે મને તેમની સાથે જમવા ન બેસાડ્યો. મારી મા, મારા પિતા ન જાણે તેમ મને ત્રણ રોટલી આપી ગઈ. મેં છુપાઈને તે ત્રણ રોટલી ખાધી અને ભૂખને પટાવી દીધી.'

'પછી તમે શું કર્યું ?' પત્નીએ પતિને પૂછ્યું.

'પછી કરવાનું શું હોય ? મારા બાપે મને તેમના એક મિત્રની સુપરમાર્કેટમાં કામે લગાડી દીધો. મેં તે સુપરમાર્કેટમાં કાળજીથી કામ કર્યું. સુપરમાર્કેટનો બૉસ સારો હતો. મને સુપરમાર્કેટની જૉબમાં બઢતી મળવા લાગી. શુક્રવારે સૌને વેતન મળતું. તે સાંજે ઘરમાં પેસું, એટલે મારી મા મારી પાસેથી પગારનું પડીકું લઈ લેતી. એકાદ પાઉન્ડ મને ખિસ્સાખર્ચ માટે આપતી. આખરે તો માનું દિલ હતું ને !'

'બીજું કંઈ કે'વું છે તમારે ?' સવિતાબહેને પૂછ્યું.

'ઉંમર થતાં, મારાં માબાપે મને તેમના સમાજની એક દેખાવડી કન્યા સાથે પરણાવી દીધો. ને તે દેખાવડી કન્યા અત્યારે મારી સામે, વકીલની જેમ મને એક પછી એક સવાલ પૂછી રહી છે.' અને ઉમેર્યું. 'સવિ, તું જાણે છે ? તારાં માબાપે તને સ્કૂલમાંથી કેમ ઉઠાડી લીધેલી ?'

'હા, હું રહી દેખાવડી છોકરી, એટલે સ્કૂલ છૂટે ત્યારે કેટલાક છોકરાઓ મારા ઘર સુધી મારો પીછો કરતા. એક દિવસે મારી માએ તે છોકરાઓને મારી પાછળ આવતા જોયેલા. બીજા દિવસથી મારી માએ મને સ્કૂલમાં જવા ન દીધી. તે દિવસથી મારું ભણતર પૂરું થયેલું અને જીવનઘડતર શરૂ થયેલું. સમજ્યા ?'

બહાદુરભાઈ નાના હતા, ત્યારે તેઓ બહુ રૂપાળા હતા. મા, દીકરાના ગાલે હંમેશાં કાજળનું ટીલું કરતાં. રખેને દીકરાને કોઈની ભૂંડી નજર લાગી જાય !

અત્યારે બહાદુરભાઈના ઘરમાં અલો-અલી બે જ માણસ હતાં. દીકરો-દીકરી તો મોટા શહેરની એક હોસ્ટેલમાં રહી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં હતાં. દરેક પરીક્ષામાં તેઓ પ્રથમ વર્ગમાં પાસ થતાં.

બહાદુરભાઈ મનમાં પ્રાર્થના કરતા કે લૉટરી માટે પ્રભુ તેમને સાચા નંબરો આપે.

તેઓ કેટલાક નંબરો કાગળ પર લખી રહ્યા હતા. ક્યારેક લખેલા નંબરો છેકી નાખતા હતા. અને પછી બે લાઈન યુરો મિલિયન લૉટરીના નંબરો કૂપનમાં ભરી, શુક્રવારે તેમનાં પત્નીને ખબર ન પડે તેમ, લૉટરીની કૂપન મોટા સ્ટોરના લૉટરીના ડેસ્ક આગળ જઈને શરમાતાં શરમાતાં પૈસા ભેગી દઈ દેતા. કૂપન અને તેની રસીદ મળે તે સાચવી રાખતા. રખેને તેમનાં પત્નીને લૉટરી બાબતની જાણ થઈ જાય. શનિવારે તે લૉટરીના રિઝલ્ટમાંથી વિનિંગ નંબરો મેળવતા અને પોતાની લૉટરીનું પરિણામ જાણી લેતા. ક્યારેક તેમને નાની રકમ મળતી. એ રકમ તો તેમણે ખર્ચેલાં નાણાં કરતાં પણ નાની હતી. જો તેમની પત્નીને ખબર પડી જાય કે પતિ દર અઠવાડિયે યુરો મિલિયન લૉટરી પાછળ પાંચ પાઉન્ડ વેડફી નાખતા હતા, તો તેમની એર કાઢી નાખે. આ તો બધું ચૂપકે ચૂપકે ચાલતું હતું.

ઘરમાં પૈસાની કોઈ આવક નહોતી. બહાદુરભાઈને જે કંઈ પેન્શન મળતું, તે તો દીકરા-દીકરીના ભણતર માટે વાપરતા. સંતાનોને કોઈ પણ ભોગે ભણાવવાં એ તેમની નેમ હતી. આમેય બહાદુરભાઈ સમજુ માણસ. પોતાની ફરજ ક્યારેય ન ચૂકે. પોતાનાં સંતાનોને જેટલું અને જેવું ભણવું હતું, તેટલું અને તેવું તેમને ભણવા દીધું.

બહાદુરભાઈને થયું કે એક દિવસ જરૂર તેમની લૉટરી લાગશે અને બધું દેવું ભરાઈ જશે. પછી તો અલો-અલી આરામથી જીવી શકશે. એ આશાએ બહાદુરભાઈ જીવી રહ્યા હતા.

પતિ-પત્નીએ તેમના જીવનની હાડમારી અને ગરીબાઈ અંગે કોઈની સામે ફરિયાદ નહોતી કરી. સમાજ પાસે તેમણે કોઈ અપેક્ષા નહોતી રાખી. પોતાની આર્થિક સ્થિતિ અંગે તેમણે ભગવાનને પણ ફરિયાદ નહોતી કરી. લોકો વાત વાતમાં કહેતાં, 'કર્મનાં ફળ તો સૌને ભોગવવાં જ પડે.'

ઈશ્વરે બહાદુરભાઈ અને સવિતાબહેનનાં બંને સંતાનોને રૂપથી મઢી લીધાં હતાં. ઓછું હોય તેમ આ ભાઈ-બહેન તેમના અભ્યાસમાં હોશિયાર હતાં. ભાઈ અને બહેનના વિષયો ભિન્ન હતા. યુનિવર્સિટીની પરીક્ષામાં ટીના પ્રથમ વર્ગમાં, પ્રથમ નંબરે અને તેનો ભાઈ વિનય પ્રથમ વર્ગમાં બીજા નંબરે પાસ થયો. આ સમાચાર, સ્થાનિક સમાચારપત્રોએ તેમના છાપામાં ફોટા સહિત છાપ્યા હતા. સમાજમાં બહાદુરભાઈ અને સવિતાબહેનની વાહ વાહ બોલાઈ. પતિ-પત્ની બંનેને લાગ્યું, સંતાનો પાછળ ખર્ચેલાં નાણાં લેખે લાગ્યાં. તેમના સમાજના કેટલાક લોકોને બહાદુરભાઈ અને સવિતાબહેનની ઈર્ષા આવી.

વિનય અને ટીના જૉબ મેળવે તે પહેલાં તેમનાં લગ્ન માટે સમાજના કેટલાક ધનાઢ્ય લોકોએ પડાપડી કરી મૂકી. બહાદુરભાઈ અને સવિતાબહેનનાં સંતાનોને મનગમતા જીવનસાથી મળી ગયા. બહાદુરભાઈ અને સવિતાબહેનને તેમનું જીવ્યું સાર્થક થયું એમ લાગ્યું.

દીકરા-દીકરીનાં લગ્નના ખર્ચને પહોંચી વળવા સવિતાબહેનને પોતાની બધી બચત વાપરવી પડી. પોતાનાં ઘણાં ઘરેણાં વેચી દેવાં પડ્યાં. દીકરીને મંગળસૂત્ર પહેરાવવા સવિતાબહેનને પોતાનું મંગળસૂત્ર વેચવું પડ્યું. બહાદુરભાઈ અને સવિતાબહેન ગરીબીની ચુડમાંથી મુક્ત નહોતાં થયાં. બાર સાંધે ને તેર તૂટે, તેમ તેમના જીવનમાં બનતું રહ્યું. બહાદુરભાઈએ પોતાનું નામ સાર્થક કર્યું.

વિનય અને ટીનાનાં લગ્ન પ્રસંગે માબાપને દેવું કરવું પડ્યું. દેવા પેટે દર મહિને જે રકમ

ભરવી પડતી, તે માટે તેમની પાસે પૂરા પૈસા નહોતા. દીકરો અને દીકરી તો પરણીને વૈભવી જીવન જીવતાં થઈ ગયાં અને માબાપને ભૂલી ગયાં. અન્યત્ર બને છે તેમ.

બહાદુરભાઈ અને સવિતાબહેનને એક વાતે સંતોષ હતો કે દીકરી ટીના પરણીને એક ધનવાન પરિવારમાં પહોંચી ગઈ.

દીકરાને પણ મોટા ઘરની કન્યાએ પસંદ કર્યો હતો. ઘરમાં આવતાં જ થોડા દિવસ પછી પુત્રવધૂએ સસરાજીને નાટકીય ઢબે ખૂબ જ નમ્રતાથી કહ્યું : 'ડેડ, અમે જ્યાં નોકરી કરીએ છીએ તેની નજીકના વિસ્તારમાં રહેવા જવા વિચારીએ છીએ. તમને અમારા એ વિચાર અંગે કોઈ વાંધો છે ખરો ?'

'બા અને હું તમને તેમ કરતાં રોકી ન શકીએ. તમે રાજી તો અમે રાજી.'

'તમે અમારાં વડીલ છો, એટલે અમારે તમને જણાવવું તો જોઈએ કે અમે શું વિચારીએ છીએ.'

'બેટા, અમે જમાનાને ઓળખીએ છીએ. ઘેર ઘેર માટીના ચૂલા એવી એક કહેવત દેશમાં સાંભળવા મળતી. પરણીને સંતાનો માબાપથી અલગ રહેવા જાય એ આજની ઘડીએ કોઈ નવી ઘટના નથી.'

'ડેડ, વાર-તહેવારે તો અમે, બા અને તમને મળવા અવશ્ય આવતાં રહીશું. અંતે તો તમે જ અમારાં વડીલ છો ને ?' પુત્રવધૂ હોશિયાર નીકળી.

સસરાને ખબર નહોતી કે પુત્રવધૂ આટલી બધી હોશિયાર હશે. બહાદુરભાઈએ નમ્રતાથી કહ્યું : 'તમે અમને મળવા ન આવો તો વાંધો નથી. પણ તમારાં માબાપને જરૂર મળતાં રહેજો. તેમણે તમને મોટાં કર્યાં છે. તમને ભણાવ્યાં છે. એ ઋણ કદી ભૂલશો નહિ.'

બહાદુરભાઈના બંને વેવાઈઓમાંથી એકેય વેવાઈ તેમને મળવા તેમને ત્યાં નહોતા આવતા. બંને વેવાઈઓ મોભાદાર માણસ હતા. સમાજમાં તેમની ગણતરી મોટા માણસોમાં થતી. લક્ષ્મીજીની પણ તેમના પર પરમ કૃપા હતી. તેમની દૃષ્ટિએ બહાદુરભાઈ એક સામાન્ય માણસ હતા.

એક દિવસે વિનયની પત્નીએ તેને સારા સમાચાર આપ્યા : 'વિનય, હું પ્રેગ્નન્ટ છું. હજી ઘરમાં એ વાત મેં કોઈને કહી નથી, આ તો તને જ કહું છું.'

'એ તો બહુ સારા સમાચાર કહેવાય.'

લૉટરીએ બહાદુરભાઈને થોડી આશા આપી હતી. પણ છ વરસમાં એકેય મોટી લૉટરી નહોતી લાગી. દર શુક્રવારે તેઓ આનંદમાં સમય ગાળતા. તેમને લાગ્યા કરતું કે કાલે તો જરૂર લૉટરી લાગશે. શનિવારે લૉટરીનું રિઝલ્ટ જોતાં બહાદુરભાઈ નિરાશાની ગર્તામાં ડૂબી જતા. આવા સંજોગોમાં પણ તેમણે ભગવાનમાંથી આસ્થા નહોતી ગુમાવી.

બહાદુરભાઈથી બૅન્કનું દેવું ન ભરાયું. બૅન્કે તેમને છ માસની મુદત આપી કે તેટલા સમય દરમિયાન દેવું ભરાઈ જશે નહિ, તો બૅન્ક તેમના ઘરનો કબજો લેશે અને તેમને ઘર ખાલી કરવું પડશે. બહાદુરભાઈએ આવનાર સમયને ઓળખી લીધો હતો. સમય આવ્યો ત્યારે, પતિ-પત્ની બેઘર બની ગયાં. સમયે અને સંજોગોએ તેમને ઘરડાઘરમાં પહોંચાડી દીધાં.

જોતજોતામાં છ માસ વીતી ગયા. પુત્રવધૂ સગર્ભા થઈ. વિનય તેની પત્ની સાથે આ સારા સમાચાર આપવા તેનાં માબાપને મળવા ગયો. ઘરની સામે તેમની બી.એમ.ડબ્લ્યુ. કાર પાર્ક કરી. ડ્રાઈવિંગ સીટમાંથી વિનય નીચે ઊતર્યો, પછી તેની પત્ની પણ કારમાંથી નીચે ઊતરી.

ઘરના બારણા આગળ જઈને વિનયે ડોરબેલનું બટન દાબ્યું. કોઈ અજાણ્યા માણસે ઘરનું બારણું ઉઘાડ્યું. તેમણે વિનયને પછ્યું : 'ભાઈ, તમારે અહીં કોનું કામ છે ?'

'અહીં જે લોકો રહેતાં હતાં, તે ક્યાં ગયાં ?'

'ભાઈ, તેની તો અમને ખબર નથી. સોરી.' વૃદ્ધે ઉમળકાભેર તેમને કહ્યું, 'ભાઈ, આ ઘર તો મારા દીકરાએ હરાજીમાંથી અમારે માટે ખરીદ્યું હતું. ભગવાનની અમારા પર કેટલી કૃપા કે દીકરો બાપ માટે શક્ય હોય એટલું કરે છે. ભાઈ, આ ઘરની તો વાત જ જવા દો ને. બાજુમાં અન્ડરગ્રાઉન્ડ સ્ટેશન, સ્ટેશનની બંને બાજુએ બસની સગવડ. દીકરો અને પુત્રવધૂ અમારી પૂરતી કાળજી લે છે અને સાંભળો ભાઈ, મારો દીકરો કોલેજમાં ભણતો ત્યારે તે ફૂલટાઈમ ટીચરની જોબ કરતો, પોતાના પૈસામાંથી તે પોતાનો ખર્ચ કાઢતો. તેણે અમને બિલકુલ તકલીફ વેઠવા દીધી નથી. અહીં અમને જે સગવડો મળે છે તેનાથી અમે ખૂબ રાજી છીએ. ભગવાન અમને કાંઈ માગવાનું કહે, તો અમે એટલું જ કહીએ, 'પ્રભુ, અમને બીજા અવતારે પણ આવો જ દીકરો આપજે. આવો દીકરો તો ભાગ્યશાળીને ઘેર જ જન્મે. ભાઈ, તમે પણ તમારાં માબાપની સેવા કરતા રહેજો. મારો દીકરો તો આધુનિક શ્રવણ નીકળ્યો છે શ્રવણ.'

વિનયને આ વૃદ્ધની વાત બરાબર ન સમજાઈ. તે અને તેની પત્ની ત્યાંથી વીલે મોંએ ચાલી ગયાં.

વિનયને તેનાં માબાપ વિશે અનેક વિચારો આવતા રહ્યા. તેમના પ્રશ્નનો કોઈ ઉત્તર તેમને ન મળ્યો.

બાપે દેવું કરીને સંતાનોને ભણાવ્યાં હતાં. અને દેવામાં વધારો કરી તેમને પરણાવ્યાં હતાં. તેમને નોકરીનું અને ઓલ્ડએઈજ પેન્શન સિવાય બીજી કોઈ આવક નહોતી. સંતાનો માટે કરેલું દેવું કેમ ભરવું તે તેમનો પહાડ જેવો પ્રશ્ન હતો. બહાદુરભાઈ પોતાની વેદના કોઈને કહે એવા માણસ નહોતા. તેઓ માનતા કે પોતાની વેદના અન્યને કહેવાથી ખુદના પ્રશ્નો હલ થતા નથી. તેમને હંમેશાં પત્નીની હૂંફ મળી રહેતી. તેઓ અન્યોન્યની હૂંફે જીવી રહ્યાં હતાં.

હવે પતિ-પત્ની મોતની રાહ જોતાં હતાં. મોત આવે તો તે તેમને માટે મોટી લૉટરી લાગી ગઈ એમ તેઓ માનતાં હતાં.

પતિ-પત્ની ઈચ્છતાં હતાં, બંનેનાં મોત સાથે જ આવે. એનાથી બીજી મોટી લૉટરી તેમને માટે શી હોઈ શકે ?

* * *

62, Orchad Gate,
Greenford, Middex UB 6 0 QW, U. K.

## એક ટીપું પાણી / જયંતિ ધોકાઈ

પાણીનું એક ટીપું જો લોખંડ પર પડે તો વરાળ થઈને તરત ઊડી જાય છે. એનું ક્યાંય નિશાન પણ રહેતું નથી. એ જ પાણીનું એક ટીપું જો કમળના પત્ર (પાન) પર પડે તો એ પાણી તો રહે જ છે પરંતુ મોતીનો નકલી આકાર બનીને પાન પર ઠરીને પડ્યું રહે છે, અથવા નીચે સરી પડે છે.

એ જ પાણીનું ટીપું જો સ્વાતિ નક્ષત્રમાં માછલીની છીપમાં પડે તો એ સાચું મોતી બની રહે છે - ખૂબ મૂલ્યવાન બની રહે છે. ખરી વાત એ છે કે... જેવો સંગ તેવો રંગ. અધમનો સહવાસ અધમ બનાવે, મધ્યમનો સહવાસ મધ્યમ બનાવે અને ઉત્તમનો સહવાસ હંમેશાં ઉત્તમ જ બનાવે. આ પ્રકૃતિદત્ત અફર નિયમ છે. તેમાં ક્યારેય કોઈ ફેરફાર થતો નથી.એટલે જ સાચા સંતોએ સત્સંગનો મહિમા ગાયો છે – પ્રમાણ્યો છે.

જવાહરરોડ, ઓખા જી. દ્વારકા-૩૬૧૩૫૦, મો. : ૭૪૩૪૯૪૩૨૯૩